ત્રણ દિવસમાં પાણીની ટાંકી 'ધબાય નમ:'

નવસારી જલાલપોરના સિંગોદ ગામે 12 લાખના ખર્ચે બનેલી 50 હજાર લીટરની ટાંકી રાત્રે ધરાશાયી

નવસારી: જલાલપોરના સિંગોદ ગામે આશરે 12 લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી 50,000 લીટર ક્ષમતાવાળી પાણીની ટાંકી ગત રાત્રે અચાનક તૂટી પડતાં સમગ્ર ગામમાં ચકચાર મચી ગઈ છે. ગ્રામજનોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાના હેતુથી બનાવવામાં આવેલી આ ટાંકી માત્ર બે-ત્રણ દિવસ પહેલાં જ તૈયાર થઈ હતી, ત્યારે જ આ દુર્ઘટના બનતાં પાણી પુરવઠા વિભાગની કામગીરી અને નિર્માણની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

આ કામ RBPL નામની એજન્સી દ્વારા કરવામાં આવ્યું હતું. ગત રાત્રે અંદાજે 9 થી 9:30 વાગ્યાની વચ્ચે જોરદાર અવાજ સંભળાયો હતો. ગ્રામજનોએ બહાર આવી તપાસ કરતાં ટાંકી ધરાશાયી થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતું. સદનસીબે ઘટના રાત્રે બની હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જો દિવસ દરમિયાન ટાંકી તૂટી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકતી હતી.

સ્થાનિક ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે ટાંકીના નિર્માણમાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાયું હતું. રેતી, સિમેન્ટ અને અન્ય બાંધકામ સામગ્રીની ગુણવત્તા યોગ્ય ન હોવાનું પણ તેઓ જણાવી રહ્યા છે. આ સ્થળે બાળકો રમવા આવતા હોવાને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જવાબદારો સામે કડક પગલાંની માંગ

વધુમાં જાણવા મળ્યું છે કે ટાંકીનું કન્સ્ટ્રક્શન પૂર્ણ થયું હોવા છતાં હજી સુધી એજન્સીને પેમેન્ટ કરવામાં આવ્યું નથી. તપાસ પૂર્ણ થયા બાદ દોષિત સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાને પગલે ગામમાં રોષ ફેલાયો છે અને દોષિત એજન્સી તેમજ જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની માંગ ઊઠી રહી છે.

RBPL એજન્સીને શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી

પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઇજનેર ચૌધરીએ જણાવ્યું છે કે ઘટના તેમની જાણમાં આવી છે અને ટાંકી તૂટવાના કારણ અંગે નિષ્ણાત તપાસ હાથ ધરવામાં આવશે. RBPL એજન્સીને શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી છે. સ્ટ્રક્ચરલ ઇજનેર દ્વારા વિગતવાર રિપોર્ટ તૈયાર કરાવવામાં આવશે અને આ માટે SVNIT, સુરત સાથે પણ સંપર્ક કરવામાં આવ્યો છે.

સાસરીયાઓએ બેહોશ થાય ત્યાં સુધી વહુની મારઝૂડ કરી

વાપીની ઘટના, હોંશમાં આવી ત્યારે સાસુ-નણંદ રિક્ષામાં પિયર ગણદેવી મૂકી આવ્યા

વાપી: વાપીમાં સાસુ, સસરા, નણંદ અને પતિ દ્વારા પરિણીતાને દહેજના મુદ્દે બેહોંશ થાય ત્યાં સુધી મારઝૂડ કરાઈ હતી. પરિણીતા હોંશમાં આવતા સાસુ અને નણંદ રીક્ષામાં પિયર મૂકી આવ્યા હતાં. બનાવ અંગેની ફરિયાદ પરિણીતાએ વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી. વાપી રોફેલ કોલેજ માર્ગ સ્થિત હોસ્પિટલની પાછળ રાધાબેન સાગરભાઈ પવાર (ઉં.25) પરિવાર સાથે રહે છે. તેમના લગ્ન વર્ષ 2019માં થયા હતા અને સંતાનમાં બે દિકરા છે. લગ્નના 6 મહિના બાદ પતિ સાગર, સાસુ અને સસરા દહેજ બાબતે રાધાબેનને અવાર-નવાર મ્હેણાટોણા મારતા હતા અને શારીરિક-માનસિક ત્રાસ આપતા હતાં. ઘરનું કામ તથા રસોઈ બનાવતા આવડતું નથી કહી ઝઘડો કરી પિયર ગણદેવી મૂકી ગયા હતાં. બે મહિના બાદ સસરા ગણદેવી આવ્યા હતા અને પરિણીતાની જાણ બહાર નાના દીકરાને લઈ ગયા હતા, જેથી રાધાએ ગણદેવી પોલીસ મથકમાં જાણ કરી હતી. જે બાદ પતિ-સાસુ-સસરા દ્વારા દીકરાને ઘરે મૂકી ગયા હતાં. પંચ ભેગા કર્યા બાદ પરિણીતા ફરી સાસરીમાં ગયા હતા અને ફરીથી તેને શારીરિક-માનસિક ત્રાસ આપવાનું ચાલુ કર્યુ હતું.

ગત તા.5-1-26ના રોજ રાધા ઘરનું કામકાજ કરતી હતી ત્યારે કામનું બહાનું કાઢી દરવાજો બંધ કરી આરોપીઓએ ભેગા મળી રાધાને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. રાધા બેહોશ થઈ ગઈ હતી. રાત્રે હોંશમાં આવતા સાસુ, નણંદ રિક્ષા કરી પિયર ગણદેવી મૂકી ગયા હતાં. રાધાની માતા તેને ગણદેવી સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી.

રાધાએ વાપી ટાઉન પોલીસ મથકમાં શીલા પવાર (સાસુ), અશોક પવાર (સાસરા), સાગર પવાર (પતિ, તમામ રહે વાપી ટાઉન) અને 3 નણંદ રૂપા દિલિપ જાદવ (રહે. સુરત), કાજલ જીજ્ઞેશ સિંદે (રહે. નવસારી) અને ભારતી (રહે. વલસાડ) સામે ફરિયાદ કરતા દહેજ પ્રતિબંધ અધિનિયમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

વલસાડના સોનવાડા હાઇવે પર કાર ડીવાઇડર પર ચઢી ગઇ

■ વલસાડના સોનવાડા હાઈવે પર સુરત તરફ જઈ રહેલી કારના ડ્રાઈવરને ઝોકું આવી જતા કાર રેલીંગ પર ચડી ગઈ હતી. જો કે, આ અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી ન હતી.

ગણદેવીમાં બે ફળિયાને મર્જ કરી ઘોલ પંચાયત બનાવાશે

ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ગણદેવી જૂની કન્યાશાળાનું જર્જરિત મકાન તોડી સ્ટાફ ક્વાટર્સ બનાવાશે

બીલીમોરા: ગણદેવી તાલુકા પંચાયતની સામાન્ય સભા ગુરુવારે બપોરે સંભાખંડમાં યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયત હસ્તકના શોપીંગ સેન્ટરનાં ભાડા વસૂલી, ગણદેવી જૂની કન્યાશાળાનું જર્જરિત મકાન તોડી સ્ટાફ ક્વાટર્સ બનાવવા, એસટી સમુદાયને આવાસ યોજનાના લાભ અપાવવા, નવી ઘોલ ગ્રામપંચાયત બનાવવા જેવા કામોને બહાલી અપાઈ હતી.

પ્રમુખ પ્રશાંત શાહની અધ્યક્ષતામાં ગણદેવી તાલુકા પંચાયત હસ્તકની જૂની કન્યાશાળાનાં જર્જરિત મકાનને ઉતારી સ્ટાફ ક્વાટર્સ બનાવવા, તાલુકા પંચાયત હસ્તકનાં બીલીમોરા શાહ કેસરીચંદ ભાણાભાઈ કન્યા શાળા શોપિંગ સેન્ટરની ૭ દુકાનોનાં ભાડાં વસૂલી, નીતિ નિયમનો ભંગ કરનારા ભાડુઆતને નોટિસ અપાશે, ભાઠા ગામના ઘોલ ફળીયા અને વાઘરેચ ગામના વલસાડી ઘોલ ફળીયાની ભૌગોલિક પરિસ્થિતિ જોતા બંનેને એક કરી ઘોલ ગ્રામપંચાયત બનાવવાનાં કામને બહાલી અપાઈ હતી. ગત કારોબારીમાં અંભેટા ગામના સરપંચ નિશાબેન ભરતભાઈ પટેલનાં રાજીનામાંને સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

પાણી પુરવઠાનાં કામો મુદ્દે ભારે અસંતોષ, છતાં અધિકારીની સભામાં ગેરહાજરી

ગણદેવી તાલુકા પંચાયત પરીસરમાં બ્લોક પેવિંગ અને શેડના નિર્માણનું ૨૬'મી જાન્યુઆરી સુધીમાં લોકાર્પણ કરાશે. તાલુકામાં ગામેગામ પાણી પુરવઠાનાં કામોનાં સ્ટેન્ડ માર્ગ લગોલગ બનાવવામાં આવી રહ્યાં છે. જે માર્ગ પહોળો કરતી વેળા નકામા બનશે જે અંગે વ્યાપક વિરોધ હતો. કલમઠા ગામે ઘના ફળિયામાં જર્જરિત ટાંકીના મામલે અનેક રજૂઆત છતાં પાણી પુરવઠા અધિકારી કોઈ કાર્યવાહી ન કરતા હોવાનો બળાપો વ્યક્ત કરાયો હતો. બીલીમોરા પાણી પુરવઠા અધિકારીની સભામાં ગેરહાજરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ડૉ. હેમંતભાઈ પટેલની અધ્યક્ષતામાં 'આદિવાસી આંગણે' લોકસંસ્કૃતિ મેળો

ધરમપુર: વિસરાતી આદિવાસી સંસ્કૃતિ, કળા અને પરંપરાને જીવંત રાખવાના હેતુથી ફલધરામાં "આદિવાસી આંગણે" લોકસાંસ્કૃતિક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો આગામી રવિવાર તા. 11 જાન્યુઆરી 2026ના રોજ પુરણેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં યોજાશે. મેળાનું આયોજન સમાજસેવી ડૉ. હેમંતભાઈ પટેલની અધ્યક્ષતામાં તથા સમસ્ત ફલધરા ગામવાસીઓના સહયોગથી થશે. કાર્યક્રમમાં આદિવાસી સમાજના લોકનૃત્ય, લોકગીત અને લોકધૂનની ભવ્ય રજૂઆત કરવામાં આવશે. લોકજાગૃતિના સંદેશા સાથે લોકકલાકારો પરફોર્મન્સ આપશે. સોશિયલ મીડિયા પર જાણીતા આદિવાસી ઇન્ફ્લ્યુએન્સર અને યુટ્યુબર પણ ભાગ લેશે. ડૉ. હેમંતભાઈ પટેલે જણાવ્યું કે નવી અને જૂની પેઢીને એક મંચ પર લાવી સંસ્કૃતિ જાળવવાનો આ પ્રયાસ છે.

પુસ્તક પરબના વલસાડના 50મા મણકામાં 381 પુસ્તકને વાચકો મળ્યા

વલસાડ: પુસ્તક પરબ વલસાડનો આ 50મો મણકો 2 જાહેર જગ્યાએ નિયમિત રીતે યોજાયો હતો. સર્કિટ હાઉસની સામે તથા એસ. ટી. વર્કશોપની સામેની તરફ ક્રોમા નજીક, ટ્રેન્ડ્સ પાસે ફૂટપાથ પર એમ બે સ્થળે પુસ્તક પરબ રવિવારે 7:30 થી 9:30 સમય દરમ્યાન યોજાઈ હતી. પ્રોજેક્ટ ચેરપર્સન ડો. આશા ગોહિલ, હાર્દિક પટેલ (એડવોકેટ નોટરી), અર્ચના ચૌહાણ, દિલીપભાઈ દેસાઈ, જયંતીભાઈ મિસ્ત્રી, દેવરાજ કરડાણી, ટીના પટેલ, હિતેશ પટેલ, સુનિતા ઢીમર, સૌરભ પટેલ, પ્રિયાંક પટેલ, રાધિકા ચીહલા, તેજલ પાડવી, અમન ગોહિલ દ્વારા આયોજિત પરબને દોલતભાઈ દેસાઈ, પ્રકાશ પટેલ, પંકજ કિનારીવાલા, કેયુર રોહિત, હિતેન પારેખ ઉપરાંત સહદેવ ઠાકોર, મિતેષ પટેલ, અસ્મિતા પટેલની પણ વિશેષ સેવા મળી રહી હતી. આજની પરબમાં 33 જેટલાં નવા વાચકોએ મુલાકાત લીધી હતી. યશપાલ પાઠક, ઉર્વી મહેતા, કામિની પટેલ, કેતન પટેલ, મુદ્રાક્ષા ભટ્ટ, મિનેષ જાની, મિહિર દેસાઈ, ઉષા પટેલ, મિલેશ ટંડેલ, અર્ચના દેસાઈ, સંધ્યા મેરિયા, હર્ષ દેસાઈ, નક્ષી શાહ, હર્લિન સોલંકી અને હેમંત બલસારા ઇત્યાદી વાચકો પુસ્તકો વાચવા લઇ ગયા. આ રવિવારે વાચકો 381 પુસ્તક લઈ ગયા હતા. પુસ્તક પરબની 200થી વધુ લોકોએ મુલાકાત લીધી હતી.

રોણવેલ હાઇસ્કૂલમાં જિલ્લા કક્ષાના માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

વલસાડ: વલસાડ તાલુકાના રોણવેલ સ્થિત આર.કે. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને આર.ટી.ઓ. વલસાડના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાના માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સાથે વિદ્યાર્થીઓની ચિત્ર વક્તૃત્વ નિબંધ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આર.ટી.ઓ. અધિકારીએ ટ્રાફિક નિયમો સહિત વાહનચાલકો માટે સુરક્ષા સહિતનું મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અધિકારી અક્ષયભાઈ, આર.ટી.ઓ. કચેરીમાંથી એ.જે.પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના આચાર્ય ડો. ધનસુખભાઈ જે. આહિરે સ્વાગત કર્યું હતું. પ્રાર્થના હોલના દાતા જયેશભાઈ આર. પટેલ અમેરિકા, ટ્રસ્ટીઓ, કેળવણી મંડળના હોદ્દેદારો, શાળા પરિવાર હાજર રહ્યા હતાં.

સાપુતારામાં ૧૦ જાન્યુઆરીએ પર્યટન પર્વનો પ્રારંભ

સાપુતારા: ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરીત કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા વહીવટીતંત્ર, ડાંગના સહયોગથી પર્યટન પર્વ ૨૦૨૫-૨૬ સાપુતારા ખાતે તારીખ ૧૦ જાન્યુઆરના રોજ સાંજે ૬ કલાકે પી.એચ.સી.પાર્કિંગ સાપુતારા સર્કલ પાસે રાજ્ય કક્ષાના મંત્રી, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન અને ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગાવિતના હસ્તે સાપુતારા પર્યટન પર્વ ૨૦૨૫-૨૬ ને ખુલ્લો મુકવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે લોકસભા દંડક વ સાંસદ સભ્ય ધવલભાઇ પટેલ, ગુજરાત વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન, તેમજ અતિથિ વિશેષ તરીકે ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, પોલીસ અધિક્ષક પૂજા યાદવ સહિતના અધિકારીઓ/પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં અઘોરી મ્યુઝિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો સંગમ જોવા મળશે.

હિન્દુઓની લાગણી દુભાય તેવા વિડીયો બદલ મુસ્લિમ યુવકની અટકાયત

ઉમરગામ: સરીગામના એક મુસ્લિમ યુવાને સોશિયલ મીડિયામાં હિન્દુઓની લાગણી દુભાય તેવો વિડીયો વાયરલ કરતા ભીલાડ પોલીસે આ મુસ્લિમ યુવાન સામે કાર્યવાહી હાથ ધરી હતી. ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે રહેતા અને ઘડિયાળની દુકાન ચલાવતા એક મુસ્લિમ યુવાને હિન્દુ સમાજની લાગણી દુભાય તે રીતે વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરતા હોબાળો મચી ગયો હતો. જાણ થતા જ ભીલાડ પોલીસે પરિસ્થિતિ સંભાળી લીધી હતી અને મુસ્લિમ યુવાનને પોલીસ મથકે લાવી અટકાયતી પગલા લીધા હતા.

2022માં ઉમરગામમાં સગીરાની નિર્મમ હત્યા કરનારો પંજાબથી ઝડપાયો

એક તરફી પ્રેમમાં પાગલ આરોપીએ રસ્તામાં રોકી ચપ્પુના ઘા મારી ગળું કાપી હત્યા કરી હતી

ઉમરગામ: ઉમરગામના દહાડમાં ધોળા દિવસે એક સગીરાની નિર્મમ હત્યા કરી નાસી છૂટેલો મુખ્ય આરોપી પંકજ પાસવાન ચાર વર્ષે પંજાબથી ઝડપાયો છે.

ઉમરગામ ગાંધીવાડી ચિત્રકૂટ મૂળ આજમગઢ યુપીના પરિવારની 17 વર્ષની દીકરી તારીખ 25 ઓગસ્ટ, 2022ના રોજ ટ્યુશન ક્લાસમાંથી પરત ઘરે આવવા નીકળી તે દરમિયાન આરોપી પંકજ યોગેન્દ્ર પાસવાન (રહે., ઉમરગામ, ચિત્રકૂટ, ગાંધીવાડી, મૂળ સિવાન, બિહાર)ને તેના બે સગીર મિત્ર સાથે મળી સગીરાને રસ્તામાં રોકી હતી. એકતરફી પ્રેમમાં પાગલ પંકજ પાસવાને તેની સાથે ઝઘડો કરી તિક્ષ્ણ હથિયારથી યુવતીનું ગળું કાપી હત્યા કરી નાસી ગયો હતો.

આ બનાવમાં ઉમરગામ પોલીસે જે તે સમયે બે સગીર આરોપીને ઝડપી પાડ્યા હતા. ફરાર મુખ્ય આરોપી પંકજ પાસવાનને પોલીસે બાતમીના આધારે પંજાબ ખાતેથી ઝડપી લાવવામાં સફળતા મેળવી છે અને આરોપીની વધુ પૂછપરછ માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનો સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

નવસારીમાં રખડતું ઢોર રોડ વચ્ચે આવી જતાં બાઈકચાલકનું મોત

છાપરા-મોગર રોડની ઘટના, બાઈકચાલક ફંગોળાતા માથામાં ગંભીર ઈજાને પગલે મોત

નવસારી: નવસારી શહેરમાં રખડતા ઢોરની સમસ્યાએ ફરી એક પરિવારની ખુશી છીનવી લીધી છે. છાપરા-મોગર રોડ પર બાઈક ચલાવી રહેલા ૨૮ વર્ષીય તેજસ અરવિંદભાઈ પટેલ રખડતા ઢોર સાથે અથડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તેજસ રોજની જેમ પોતાના કામ માટે બાઈક પર નીકળ્યા હતા. ત્યારે અચાનક રસ્તા પર આવેલા રખડતા ઢોર સાથે તેમની બાઈક જોરદાર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે તેઓ રસ્તા પર પટકાયા હતા અને માથા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ મદદ માટે દોડી આવી ૧૦૮માં તેમને હોસ્પિટલ પહોંચાડ્યા હતા, પરંતુ તબીબોની તમામ કોશિશ છતાં તેજસને બચાવી શકાયા નહોતા. ઘટનાની જાણ થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભારે કકળાટ બાદ પાલિકા ઢોર પકડવાનો ઢોંગ કરે છે, મામલો ઠંડો પડે એટલે બંધ કરી દે છે

બીજી તરફ, શહેરમાં ફરી એકવાર રખડતા ઢોરની સમસ્યા ગંભીર સ્વરૂપે સામે આવી છે. અગાઉ પણ નવસારીમાં રખડતા ઢોરના કારણે અનેક અકસ્માતો થયા છે, જેમાં કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે તો કેટલાકે જીવ ગુમાવ્યો છે. સ્થાનિક રહેવાસીઓમાં નગરપાલિકાની કામગીરી સામે નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે દરેક દુર્ઘટના બાદ થોડા દિવસ માટે ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે છે, પરંતુ પછી બધું જ ઠંડું પડી જાય છે. પરિણામે રસ્તાઓ પર ફરી ઢોર દેખાવા લાગે છે અને અકસ્માતનો ભય યથાવત રહે છે.

સંજાણ ભીલાડ નજીક વંકાસમાં બિનવારસી મોપેડ પરથી 51 કિલો ગૌમાંસ મળ્યું

ઉમરગામ: ઉમરગામ તાલુકાના સંજાણ નજીક વંકાસમાં બિનવારસી મોપેડ પરથી કાપડની ચેઈનવાળી બેગમાંથી 51 કિલોગ્રામ કિંમત રૂપિયા 10328નું ગૌમાંસ મળતા લોકોમાં રોષ ફેલાયો છે.

ઉમરગામ તાલુકાના સંજાણ ભીલાડ રોડ વંકાસ ત્રણ રસ્તા નજીક એક બિનવારસી ગ્રે કલરની જ્યુપિટર મોપેડ ઉભી છે અને શંકાસ્પદ કાપડની ચેઈનવાળી બેગ ગાડી પર લટકે છે. પોલીસે તપાસ કરતા બેગમાંથી ચામડાનું માંસ જોવા મળતા વેટનરી ડોક્ટર પાસે પ્રાથમિક પરીક્ષણ કરાવતા સદર માસના ટુકડા ગૌવંશના હોવાનું જણાયું હતું. સુરત FSLમાં માસ ગૌમાંસનો રિપોર્ટ આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

કરોડોના ખર્ચા બાદ અવિકસિત રહ્યો તે બીચ નામે તિથલ

દિવ્યાંગો માટેનો તિથલ બીચ ખુદ દિવ્યાંગ

ટાઈલ્સો ઉખડી ગઈ, હાઈમાસ્ટ બંધ, લાઈટપોલો તૂટેલા, મોટા ખાડા, સિવાય ભાગ્યે જ કોઈ સુવિધા

વલસાડ: વલસાડ તિથલ બીચની હાલત હાલ ખૂબ બદતર જોવા મળી રહી છે. તાજેતરમાં જ વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ તિથલ બીચની મુલાકાત લીધી હતી. જો કે, તેમની મુલાકાત બાદ તેઓ પણ પ્રાથમિક પગલાં ભરવાનું ચૂક્યા હોવાનું લાગી રહ્યું છે. તિથલ મુખ્ય જેટી પર જ ટાઈલ્સ તૂટેલી છે અને અહીં જ થાંભલા તૂટેલા પડ્યા છે, જે કોઈ પણ વ્યક્તિના પગમાં વાગી શકે છે. જેની સફાઈ અને તૂટેલી ટાઈલ્સના કારણે પડેલો ખાડો પૂરવાની પણ કોઈએ તસ્દી લીધી નથી.

તિથલ બીચ દિવ્યાંગો માટે બનાવવાની મોટી મોટી જાહેરાતો કરાઈ હતી, જેના માટે તત્કિલન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને માહિતી પણ આપી હતી. જેના માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ પણ ફાળવાઈ હતી. જેમાં પ્રથમ તબક્કામાં 4.6 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ હતી. આજે આ બીચની હાલત એવી છે કે, અહીં સશક્ત માણસો પણ ચાલી શકતા નથી. બીચ પર દાદરો પણ તૂટી ગયા હોય, શસક્ત માણસો માટે પણ કિનારે જવું મુશ્કેલ બન્યું છે. બીચના વિકાસ માટે આવેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટ ક્યાં ગઈ તેની તપાસ જરૂરી બની છે.

હલકા કામથી ટાઈલ્સો ઉખડી ગઈ, ખાડા પડી ગયા, મરામતની કોઈ તસ્દી લેતું નથી

વલસાડના તિથલ બીચની જેટી પર લગાડાયેલી ટાઇલ્સનો વિડિયો એ સમયે જ વાઇરલ થયો હતો. આ ટાઇલ્સ લગાવવા માટે સિમેન્ટ નહી, પરંતુ રેતી અને સિમેન્ટના પાણીનો ઉપયોગ કરાયો હતો. જેના કારણે ટાઇલ્સ તો ઉખડી ગઇ પરંતુ સાથે ખાડા પણ પડી ગયા છે. આ મોટા ખાડામાં કોઇ પણ માણસ પડી શકે છે, પરંતુ તેની મરામતની જવાબદારી કોઇ લેવા જ માંગતું ન હોવાનું જોવા મળ્યું છે. જેની સામે હવે અનેક લોકો સોશ્યલ મિડિયામાં અવાજ ઉઠાવી રહ્યા છે.

રાત થતાં તિથલમાં અંધાપટ છવાઇ જાય છે, પ્રવાસીઓને ભારે મુશ્કેલી

વલસાડ તિથલ બીચ પર મોટા ઉપાડે લાઇટો લગાવાઇ હતી. અહીં હાઇમસ્ટ લાઇટ પણ લગાવાઇ હતી, પરંતુ આ લાઇટ હાલ શોભાના ગાઠિયા જેવી બની છે. તેમજ બીચના વોક વે પર લગાવાયેલી લાઇટો બંધ પડી છે. તો કેટલા પોલ તૂટેલી હાલતમાં જેમના તેમ પડ્યા છે. સાંજ થતાં જ અહીં અંધારપટ છવાઇ જાય છે. જેના કારણે પ્રવાસીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. જેની સામે પણ લોકો સોશ્યલ મિડિયામાં પોતાનો રોષ ઠાલવી રહ્યા છે.